PGVCL    પશ્ચિમ ગુજરાત વિજ કંપની લિમિટેડ    PGVCL

# ગ્રાહક તકરાર નિવારણ કેન્દ્ર

રજી. અને કોર્પોરેટ ઓફિસ, લક્ષ્મીનગર, નાના મવા રોડ, રાજકોટ ફોન નં. (૦૨૮૧) ૨૩૮૦૪૨૫ - ૨૩૮૦૪૨૭, ફેક્સ નં. (૦૨૮૧) ૨૩૮૦૪૨૮

CIN:U40102GJ2003SGC042908 website : www.pgvcl.com ઈ–મેઈલ :– forum.pgvcl@gebmail.com

પીજીવીસીએલ/સીજીઆરએફ/૨/કવા–૦૨/૧૮–૧૯/ 8530-1    તા.

રજી. એ.ડી. પત્ર

17 SEP 2018

પ્રતિ,
હરદાસભાઈ દેવસીભાઈ કરમુર,
દેવળીયા
તા.કલ્યાણપુર,
જી: દેવભુમી દ્વારકા
મો: ૯૯૯૮૬૦૦૨૭૬

વિષય :–વીજલાઈન ખસેડવા બાબત
સંદર્ભ:– આપની અરજી , તા. ૨૨–૦૬–૧૮ (અત્રે ના ફોરમ ની નોંધણી નંબર :૨/કવા–૦૨/૧૮–૧૯ )

શ્રીમાન,

આપની ઉપરોકત વિષય અને સંદર્ભ મુજબની અરજી અન્વયે, અત્રેના ગ્રાહક તકરાર નિવારણ કેન્દ્ર ની ફોરમ કમીટી તરફથી કરાયેલ નિર્ણય આ સાથે આપને મોકલવામાં આવે છે.

જે આપને સુવિદીત થાય. આભાર સહ.,

આપનો વિશ્વાસુ

(સી.જે.ગજેરા)
કા.વા. કન્વીનર
ગ્રાહક તકરાર નિવારણ કેન્દ્ર, રાજકોટ.

બિડાણ : ઉપર મુજબ

નકલ રવાના :
(૧) અધિક્ષક ઈજનેર શ્રી, પીજીવીસીએલ, વર્તુળ કચેરી જામનગર
(૨) કાર્યપાલક ઈજનેર શ્રી, પીજીવીસીએલ, વિભાગીય કચેરી, દ્વારકા
... સદર નિર્ણયપત્રની નકલ આપને આ સાથે મોકલવામાં આવે છે. જેની તમામ વિગતો અભ્યાસે લઈ અને નામદાર જીઈઆરસી ના આયોગ ના જાહેરનામા: ૦૨/૨૦૧૧ ની કલમ ૨.૫૨ મુજબ – સદર હુકમ ના પાલન અંગે થયેલ કાર્યવાહીનો જરૂરી અહેવાલ અત્રેની ફોરમ કચેરીને ફરજીયાત પાઠવવાનો રહેશે.
(૩) નાયબ ઈજનેર શ્રી, પીજીવીસીએલ, પેટા વિભાગીય કચેરી, કલ્યાણપુર

# ગ્રાહક તકરાર નિવારણ કેન્દ્ર(રાજકોટ ફોરમ)

પીજીવીસીએલ, રજી. અને કોર્પોરેટ કચેરી,લક્ષ્મીનગર નાનામૌવા રોડ, રાજકોટ

CIN:U40102GJ2003SGC042908 website : www.pgvcl.com

| કેસ નં. : સીજીઆરએફ : ૨/કવા–૦૨/૧૮–૧૯ | કમિટી મીટીંગ: તા. ૩૧–૦૮–૧૮ | સ્થળ : જામનગર |
|---|---|---|

**પક્ષકાર નં.:–(૧) અરજદાર (ફરીયાદી)**

**અરજદાર (ફરીયાદી): નામ: હરદાસભાઈ દેવસીભાઈ કરમુર, ગામ: દેવળીયા**

**રજુઆત કરનાર: અરજદાર હાજર રહેલ નથી.**

**વિરૂધ્ધ**

**પક્ષકાર નં.: –(૨) પીજીવીસીએલ (સામેવાળા) :**

**પીજીવીસીએલ (કચેરી) : પેટા વિભાગીય કચેરી, કલ્યાણપુર (કાર્યક્ષેત્ર : વિભાગીય કચેરી, દ્વારકા)**

**રજુઆત કરનાર : – કે.સી.ચૌહાણ કાર્યપાલક ઈજનેર વિભાગીય કચેરી, દ્વારકા**

## : હુકમ :

**ફરીયાદ : વીજલાઈન ખસેડવા બાબત**

**મુદદા નં.–૧ : પક્ષકાર નં. –(૧) અરજદાર (ફરીયાદી) ની રજુઆત**

| | |
|---|---|
| ૧ | અરજદાર શ્રી તરફથી ફોરમ સમક્ષ ની ફરીયાદ અરજી મા, તેમજ ફરીયાદ સબંધક એવી જરૂરી માહિતી રજુ કરીને, નીચે વર્ણવેલ મુદદાઓ મુજબ ની વિગતે, વગેરે તમામ બાબતો ફોરમ કમિટી સમક્ષ રજુ થયેલ છે. |
| ૧.૧ | અરજદાર જણાવે છે કે, તેઓની ગામ:દેવળીયા ખાતે સર્વે નંબર: ૬૫૫૩ પૈકી મા ખેતીની જમીનના દક્ષિણ સેઢે વીજજોડાણ આવેલ છે. તેમજ દેવળીયા – પાનેલી પાટીયાનો સીમ ડામરરોડ નુ કામ થાય છે. આમ, અમારી વીજજોડાણ ને ખસેડીને જમીન તરફ દબાણ કરી અને લાઈન સેઢાની અંદર ખસેડવાની પેરવી કરવામા આવી રહી છે. જે અન્ય જગ્યા પરથી લઈ શકાય તેમ હોય, જે અમોને નડતરરૂપ થાય તેમ ન હોય, આમ – અરજદારે અત્રેના ફોરમ સમક્ષ ન્યાયિક રજુઆત કરેલ છે. |

**મુદદા નં.–૨ : પક્ષકાર નં. –(૨) પીજીવીસીએલ (સામેવાળા) ની રજુઆત**

| | |
|---|---|
| ૨ | પીજીવીસીએલ પક્ષકાર તરફથી ફોરમ કમિટી સમક્ષ, નીચે વર્ણવેલ વિગત મુજબ ની વિગતો, તેમજ લેખીત અહેવાલ, તેમજ ફરીયાદ સબંધક તમામ દસ્તાવેજીક પેપર્સ, તેમજ અભિપ્રાય સાથે નો ખાસ અહેવાલ, વગેરે તમામ બાબતો ફોરમ કમિટી સમક્ષ રજુ થયેલ છે. |
| ૨.૧ | **અરજદાર ની મુદદા નં. ૧.૧ મુજબ ની વિગતે, પીજીવીસીએલ પક્ષકાર તરફથી જણાવાયેલ કે, અરજદાર શ્રી** હરદાસ દેવશીભાઈ કરમૂર દ્વારા કલ્યાણપુર પેટા વિભાગના કાર્યક્ષેત્ર હેઠળ આવતા મુ. દેવળીયાખાતે વિજ લાઇન ખસેડવા બાબત માટે રજૂઆત કરેલ છે. જે અનુસંધાને પેટાવિભાગીય કચેરી કલ્યાણપુર દ્વારા રૂબરૂ સ્થળ મુલાકાત અરજદાર શ્રી હરદાસ દેવશીભાઈ કરમૂરની હાજરીમાં તા.13.07.2018 ના રોજ લીધેલ છે. **તે મુજબ** સદર સ્થળ પર હાલમાં ઉભેલ ૧૧ કેવી ચાચાલાના એજી વિજલાઇન રસ્તાની બાજુમાં સરકારી હદમાં ઉભેલ છે. આમ આ વીજ લાઇન અરજદારની માલીકીની જમીનથી દૂર ઉભેલ છે . આમ સ્થળ પર ઉભેલ વીજ લાઇન અરજદાર ને તેઓની માલિકીની જમીનથી દૂર ઉભેલ હોય જે કોઈપણ પ્રકારે નડતરરૂપ ન હોય અત્રેની કચેરી દ્વારા કોઈપણ જાતની કાર્યવાહી કરવાની થતી નથી. જે બાબત ની જાણ અરજદારને પત્ર નં ૫૫૧૫ તા.૧૩.૦૭.૨૦૧૮ થી કરેલ છે. |

**મુદદા નં.–૩ : : નિષ્કર્ષ :**

| | |
|---|---|
| ૩ | ફરીયાદી અરજદાર શ્રી ની, ફોરમ સમક્ષ ની મુદદા નં. ૧ હેઠળ ની વિગતે ની ફરીયાદ અરજી, તેમજ પીજીવીસીએલ પક્ષકાર તરફથી ફોરમ કમિટી સમક્ષ રજુ થયેલ મુદદા નં.૨ હેઠળ ની વિગતો, તેમજ લેખીત અહેવાલ, તેમજ ફરીયાદ સબંધક તમામ દસ્તાવેજીક પેપર્સ, તેમજ અભિપ્રાય સાથે નો ખાસ અહેવાલ વગેરે, બન્ને પક્ષકારો ની તમામ બાબતો, ફોરમ કમિટી તરફથી ઉંડાણપૂર્વક અભ્યાસે લેતા, સદર કેઈસ મા, ફોરમ કમિટી તરફથી નીચે મુજબ ની વિગતે નિષ્કર્ષ થયેલ છે. |
| ૩.૧ | અરજદાર ની મુદદા નં. ૧.૧ મુજબ ની વિગતે ની અરજી ના અનુસંધાને – પીજીવીસીએલ પક્ષકાર તરફથી ફોરમ |

| | |
|---|---|
| | કમિટી સમક્ષ રજુ થયેલ મુદદા ન. ૨.૧ મુજબ ની વિગતે, અરજદાર ને રૂબરૂ રજુઆત માટે ફોરમ કમિટી દ્વારા તા.૧૭–૦૭–૧૮, તા.૧૦–૦૮–૧૮ ના રોજ બોલાવેલ હતા, તેમા અરજદાર હાજર ન રહેતા વધુ એક તક તા.૩૧–૦૮–૧૮ ના રોજ રૂબરૂ રજુઆત માટે હાજર રહેવા જણાવેલ – અરજદાર શ્રી હાજર ન રહેતા – અરજદાર દ્વારા કરાયેલ લેખીત રજુઆત અને પીજીવીસીએલ ની લેખીત રજુઆત અન્વયે સદર કેઈસ મા – પેટાવિભાગીય કચેરી કલ્યાણપુર દ્વારા રૂબરૂ સ્થળ મુલાકાત અરજદાર શ્રી હરદાસ દેવશીભાઈ કરમૂરની હાજરીમાં તા.13.07.2018 ના રોજ લીધેલ છે. **તે મુજબ** સદર સ્થળ પર હાલમાં ઉભેલ ૧૧ કેવી ચાચાલાના એજી વિજલાઇન રસ્તાની બાજુમાં સરકારી હદમાં ઉભેલ છે. આમ આ વીજ લાઇન અરજદારની માલીકીની જમીનથી દૂર ઉભેલ છે . આમ સ્થળ પર ઉભેલ વીજ લાઇન **અરજદાર ને તેઓની** માલિકીની જમીનથી દૂર ઉભેલ હોય જે કોઈપણ પ્રકારે નડતરરૂપ ન હોય અત્રેની કચેરી દ્વારા કોઈપણ જાતની કાર્યવાહી કરવાની થતી નથી. જે બાબત ની જાણ અરજદારને પત્ર નં ૫૫૧૫ તા.૧૩.૦૭.૨૦૧૮ થી કરેલ છે. આમ, ૧૧ કેવી વીજલાઈન – અરજદાર ને નડતરરૂપ ન હોય – અરજદાર ની અરજી દફતરે કરવી, તેમ સદર કેઈસ મા ફોરમ કમિટી તરફથી નિષ્કર્ષ થયેલ છે. |

**<u>મુદદા નં.–૪ :</u>** **<u>હુકમ</u>**

| | |
|---|---|
| <u>૪.૧</u> | સદર કેઈસ મા ફોરમ કમિટી તરફથી થયેલ નિષ્કર્ષ ના મુદદા નં. ૩.૧ મુજબ ની વિગતેની જાણકારી બન્ને પક્ષકારો ને આપવામા આવે છે. |

**(શ્રીમતી કે.જે.મોટાણી )**
**સ્વતંત્ર સભ્ય**
**ગ્રાહક તકરાર નિવારણ કેન્દ્ર, રાજકોટ**

**ગેરહાજર**
**(એન.ડી.ધામેલીયા)**
**સભ્ય (ટેક)**
**ગ્રાહક તકરાર નિવારણ કેન્દ્ર, રાજકોટ**

**(ટી.બી.ભીમાણી)**
**ચેરમેન**
**ગ્રાહક તકરાર નિવારણ કેન્દ્ર, રાજકોટ**

<u>નોંધ</u> જો સદર નિર્ણય સાથે આપ સંમત ન હોય તો, આપ શ્રી તરફથી **સદર નિર્ણય સામે, નિર્ણયપત્ર મળ્યા પછીનાં ૩૦ દિવસની અંદર, ''નામદાર ઓમ્બુડ્સમેન (વિદ્યુત લોકપાલ), ગુજરાત વીજ નિયંત્રક આયોગની કચેરી, બ્લોક નં. ૩, પોલિટેકનીક કંપાઉન્ડ, આંબાવાડી, અમદાવાદ-૩૮૦ ૦૧૫'' સમક્ષ લેખિત અપીલ અરજી કરી શકાય છે. અપીલ અરજી જો નાણાંકીય બાબત સબંધક હોય તો,** સદર રકમા ૩૩% **રકમ પીજીવીસીએલમાં વાંધા સાથે ભરપાઈ કરાયેલ હોવાનો ઉલ્લેખ અપીલ અરજીમાં થવો જરૂરી છે.**